| | | | |
|---|---|---|---|
| તારીખ | ૩૧/૦૮/૨૦૦૫ | | |
| દાખલ તારીખ | ૩૧/૦૮/૨૦૦૫ | | |
| ફેસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૯ | ૧૦ | ૨૯ |

સત્યમેવ જયતે

## મે. વલસાડની શ્રમ ન્યાયાલયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી સી.વી.લિમ્બાચીયા સાહેબ સમક્ષ, મુ. વલસાડ.

**રેફરન્સ (એલ.સી.વી) નં.૩૫૭/૨૦૦૫**
**આંક :૫૪**

**પ્રથમ પક્ષકાર :-** ૧. વ્યવસ્થાપકશ્રી,
મે. મેક્ષીમા સિસ્ટમ લી.,
મુ. બામટી, તા.ધરમપુર, જી.વલસાડ.
૨. કોન્ટ્રાકટરશ્રી,
સાંઈ ફર્નીચર ઈન્ડસ્ટ્રીઝ,
કે./ઓ. મે. મેક્ષીમા સિસ્ટમ લી.,
મુ. બામટી, તા.ધરમપુર, જી.વલસાડ.
૩. બેન્ક ઓફ ઈન્ડિયા
નટરાજ માર્કેટ સામે, એસ.વી. રોડ, મલાડ (વેસ્ટ),મુંબઈ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર :-** પટેલ પ્રમોદભાઈ છનાભાઈ
મુ.પો. પોલીસલાઈન,ધરમપુર,
તા.ધરમપુર.

C/o. ગુજરાત રાજય કામદાર સભા,
મુ.પો.-સોલધરા, હે.મોચીવાડ, તા.ચીખલી, જી.નવસારી.

.................................................................................................

**સામાવાળા નં.૧ તરફે :** વિ.વ.શ્રી એમ.એન.પારેખ
**સામાવાળા નં.૨ તરફે :** વિ.વ.શ્રી એમ.જે.પંચાલ
**સામાવાળા નં.૩ તરફે :** ગેરહાજર
**અરજદાર તરફે :** યુનિયન પ્રતિનિધીશ્રી આર.સી.પટેલ

.................................................................................................

## **–:: એવોર્ડ ::–**

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ઔદ્યોગિક તકરાર અધિનીયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય અર્થે મદદનીશ મજુર કમિશ્નરશ્રી,વલસાડ તરફથી હુકમ ક્રમાંક: કે. એચ. એસ. એસ. એમ. સી./ ૫૫૬૭/એ.જે/આઈ.ડી.આર/એફ/એફ:૨૨૫/૧૯૯૭, તા.૩૦/૦૮/૨૦૦૫ થી ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરવામાં આવેલ છે. રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે:

**:: અનૂસુચિ ::**

" પટેલ પ્રમોદભાઇ છનાભાઇ" ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ?

આ કામનાં બીજા પક્ષકારને "અરજદાર" તરીકે તથા પ્રથમ પક્ષકારોને સામાવાળાઓ તરીકે હવે પછી અનુકૂળતા ખાતર સંબોધવામાં આવેલ છે.

**માંગણા નિવેદન અને અરજદારની હકીકતો:**

(૨) આ કામમાં અરજદારે આંક–**૦૩** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર કામદાર સામાવાળા નં.–૧ ની સંસ્થામાં મશીન ખાતામાં કાયમી પ્રકારના કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૦૧/૧૧/૧૯૯૫ થી ઓપરેટર તરીકે દૈનિક રૂપિયા ૩૩/– ના પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. સામાવાળા–૧ સંસ્થા કામદારને તેમના તરફથી ઉભા કરેલ કોન્ટ્રાકટ સામાવાળા નં.– ૨નાં કામદાર છે એવું જણાવતા હતા તેથી અરજદાર કામદાર સામાવાળા નં.– ૨ ને જોડેલ છે. અરજદાર કામદાર અને અન્ય સાથી કામદારોને સંસ્થા કાનુની હકકો તેમજ લાભો આપતી ન હતી જેથી કામદાર તેમજ સાથી કામદારોએ મજુર સંગઠન ઉભું કરી તારીખ ૦૧/૦૩/૯૭ ના રોજ "ગુજરાત રાજય કામદાર સભા" યુનિયનમાં જોડાઈ તેના સભ્યો થયેલ અને કામદારોએ યુનિયનને વાટાઘાટો કરી નિર્ણય લેવાની સત્તા આપેલ. કામદાર યુનિયનમાં જોડાયા હોવાથી તા.૦૮/૦૪/૯૭ના રોજ રજી.એ.ડી. પત્ર ધ્વારા યુનિયને સામાવાળા નં.૧ ને લેખિતમાં જાણ કરેલ. જે બાબતની જાણ સામાવાળા નં.૧ ને થતાં જ કામદારોનું યુનિયન તોડવાના બદઈરાદાથી કિન્નાખોરી ભર્યુ વર્તન શરુ કરી દીધેલું અને ગેટ ઉપર વોચમેન તેમજ સ્ટાફનાં અધિકારીઓ હાજર રહી યુનિયનમાંથી રાજીનામું આપવા દબાણ કરેલ. કામદાર તથા સાથી કામદારોએ રાજીનામું આપવાની ના પાડેલ. જેથી અરજદાર કામદાર તથા સાથી કામદારોને ગેરકાયદેસર રીતે સામાવાળા–૧ નાં મેનેજરશ્રી અજીતભાઈ પટેલે કંપનીનાં ગેટ ઉપરથી કામ ઉપર હાજર ન થવા દઈ મૌખિક હુકમથી તા.૧૧/૦૪/૯૭ના રોજથી છુટા કરેલ છે. અરજદાર કામદારને સામાવાળાઓ નોકરીમાંથી છુટા કર્યા ત્યારબાદ રોજેરોજ ફરજ ઉપર હાજર થવા જતા હતા પરંતું સામાવાળા કામદારને ફરજ ઉપર લેતા ન હતા. અરજદાર કામદારને સામાવાળા સંસ્થાએ નોકરીમાંથી છુટા કર્યા બાદ કામદારે બીજા અનેક સ્થળોએ પ્રયત્ન કરેલ હોવા છતાં બીજે કામ મળેલ નથી.

આથી અરજદાર કામદારને તા.૧૧/૦૪/૯૭ નાં રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ હોય, સદરહુ ટરમીનેશન રદ બાતલ ઠરાવી અરજદાર કામદારને પડેલા દિવસોનાં પુરેપુરા પગાર તથા અન્ય લાભો સહિત સળંગ સર્વિસથી સામાવાળા નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

**<u>સામાવાળાઓ તરફે જવાબ:</u>**

(૩) આ કામે અરજદારના રેફરન્સ સામે સામાવાળા નં.૨ સંસ્થા તરફે આંક-૦૭ થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, બી.પ.નો રેફરન્સ ખોટો તથા ગેરકાયદેસરનો છે. મહેરબાન શ્રમઆયુક્તશ્રી, વલસાડનાએ કાયદાની જોગવાઈ ધ્યાનમાં લીધા વગર મીકેનીકલ રીતે રેફરન્સ કરેલ છે. ખરી હકીકતમાં અરજદારનો કાયદેસરનો કોન્ટ્રાકટ પ્ર.પ. સંસ્થામાં ચાલી આવેલ હતો. બી.પ. કામદાર તેમની પાસે આવીને નોકરીની માંગણી કરતાં. કામદારને કોન્ટ્રાકટમાં રાખી લઈ પ્ર.પ. સંસ્થામાં કોન્ટ્રાકટના કામદાર તરીકે મોકલ્યા હતા. આ હકીકત કામદાર પોતે જાણતા હતા. તેમ છતાં ખોટો લાભ મેળવવાના બદ ઈરાદાથી આ ખોટો રેફરન્સ કરેલ છે. તેમનો કોન્ટ્રાકટ પ્ર.પ. સંસ્થામાં ચોકકસ સમય માટે અમલમાં હતો. જેથી કામદારને આ કોન્ટ્રાકટ પુરતા જ ચોકકસ સમય માટે કામે રાખેલા હતા. પરંતુ તેમનો ધંધો તા.૧/૪/૯૭ ના રોજ થી બંધ કરવાથી આપો આપ રદ થયેલ છે. એટલે કે ધંધાનો અંત આવેલ છે અને જેથી તેમના કોન્ટ્રાકટના બી.પ. કામદાર પણ આપો આપ ધંધો બંધ થવાથી નોકરીમાંથી છુટા થયા છે. આ સત્ય હકીકત કામદારે નામદાર કોર્ટથી છુપાવીને ખોટો ગેરલાભ લેવાની કોશિષ કરી રહયા છે. આથી અરજદારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે અરજદારના રેફરન્સ સામે સામાવાળા નં.૧ સંસ્થા તરફે આંક-૦૯ થી જવાબ રજુ કરી મહત્તમ હકિકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, સને ૧૯૯૭માં કામદારની કોન્ટ્રાકટર દ્વારા ધંધો બંધ થવાથી ફરજ સમાપ્તિ કરવામાં આવી ત્યારથી સને ૨૦૦૫માં હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય માટે સુપ્રત થયેલ છે તે સમય દરમ્યાન કંપનીમાં અમુક પરીવર્તનો આવી ગયેલા છે. લાંબા સમયગાળા દરમ્યાન કંપનીની આર્થિક પરિસ્થિતીમાં નોંધપાત્ર ઘટાડો અને ઉત્પાદનમાં પણ ગંભીર પ્રતિકુળ અસરો પડેલ છે. આ તમામ સંજોગો આટલા લાંબા ગાળા બાદ આ વિવાદને ન્યાય નિર્ણય માટે રેફરન્સ કરેલ છે તે કાયદાની જોગવાઈઓ અનુસાર અને નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સર્વમાન્ય સિદ્ધાંતો અનુસાર આવા સ્ટીલ (જુના) વિવાદો ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવાના જોઈએ. તેવુ જે અર્થઘટન કરેલ છે તે હાલના વિવાદને પણ સીધુ લાગુ પડે છે. કંપની દ્વારા સંબંધિત કોન્ટ્રાકટરને આપવામાં આવેલ કોન્ટ્રાકટની રુએ કામની જરુરીયાતને ધ્યાનમાં રાખીને કોન્ટ્રાકટર દ્વારા પોતાની મનસુફી મુજબ કરેલ નિર્ણય અનુસાર સંબંધિત કામદારને કોન્ટ્રાકટર દ્વારા સંસ્થામાં ડીપ્લોટ કરવામાં આવ્યા હતા. સદરહુ કોન્ટ્રાકટર દ્વારા ડીપ્લોટ કરવામાં આવેલ આ કામદારની તમામ જરુરીયાતો જેવી કે પગારા વેતન, હાજરી તેમજ અન્ય લાભો અંગેનુ સંચાલન સંકલન અને અંકુશ કોન્ટ્રાકટર દ્વારા નિયંત્રીત કરવામાં આવતું હતું. ધી કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબોલેશન એકટ ૧૯૭૦ અન્વયે સંસ્થાને કોન્ટ્રાકટરના કામદાર

રાખી કામ કરાવવાનો અબાધિત અધિકાર છે. અને આ કામદારની નોકરીની શરતો તેમજ અન્ય આનુસાંગીક બાબતો અંગે પ્રથમપક્ષકાર નં.૧ કયારેય પણ જવાબદાર ઠરતા નથી. ધી કોન્ટ્રાકટ લેબર રેગ્યુલેશન એન્ડ એબોલેશન એકટ અન્વયે કોઈપણ સમુચ્ચીત સક્ષમ અધિકારી ધ્વારા કોન્ટ્રાકટરની પ્રથા નાબુદ કરવાનો કોઈ હુકમ કરેલ નથી અને આથી પણ કંપની ધ્વારા કોન્ટ્રાકટરના જે માણસોને નિયુકત કરવામા આવેલા છે તે કાયદેસરની પ્રક્રિયા છે. સંબંધિત કામદારને તેનો પગાર વેતન કોન્ટ્રાકટર ધ્વારા ચુકવવામાં આવતો હતો. તેમજ તેનુ યોગ્ય તે રેકર્ડ પણ કોન્ટ્રાકટર ધ્વારા નિયમિત રીતે તેની જાળવણી કરવામાં આવતી હતી અને કંપનીની આ અંગેનો કોઈપણ જાતની જવાબદારી કે અન્ય કોઈ અંકુશ રહેતો નહતો. સંબંધિત કર્મચારીઓને તેમની ફરજ અંગેનુ માર્ગદર્શક સિધ્ધાંતો અને અન્ય બાબતનુ સંચાલન પણ ઉકત કોન્ટ્રાકટર ધ્વારા કરવામાં આવતું હતું અને આમ સંબંધિત કામદાર કોન્ટ્રાકટરના કામદાર હોઈ તેમની સેવાની સમાપ્તિ કે નોકરીની કોઈપણ અન્ય શરતો બાબતે કોન્ટ્રાકટરે કરેલ નિર્ણય કે કંપનીને જવાબદાર ઠેરવી કંપની સમક્ષ કોઈ પણ દાદ માંગવા કે મેળવવાનો સંબંધિત કામદારને કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી. પ્રથમ પક્ષકાર નં.૧ કે જેઓ સંબંધિત કામદાર વચ્ચે માલીક અને નોકરનો સબંધ પ્રસ્થાપિત થતો નથી જેથી કંપની સામે સંબંધિત કામદારે માંગણાના નિવેદન અન્વયે માંગેલ દાદ કે અન્ય કોઈપણ દાદ તેઓ મેળવવા માટે હકકદાર નથી તેમ ઠરાવી હાલનો રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામના સામાવાળા નં.૩ તરફે કોઇ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

**પક્ષકારો તરફે પુરાવા:**

(૬) આ કામના અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: અરજદારનો મૌખિક પુરાવો :-**

| | |
|---|---|
| આંક- ૧૨ | શ્રી પ્રમોદભાઇ છનાભાઇ પટેલનું પુરાવા એફીડેવીટ |

**-: અરજદારનો આંક-૧૧ થી દસ્તાવેજી પુરાવો :-**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| ૧૧/૧ | અરજદાર કામદારો યુનિયનમાં જોડાયા તે અંગેનાં પત્રની નકલ. | ૧/૦૩/૯૭ |
| ૧૧/૨ | અરજદારનાં યુનિયને સામાવાળાને મોકલેલ પત્રની નકલ. | ૮/૦૪/૯૭ |
| ૧૧/૩ | નિ.૨ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ | -- |
| ૧૧/૪ | અરજદારનાં યુનિયને સામાવાળાને મોકલેલ પત્રની નકલ. | ૨૧/૪/૯૭ |
| ૧૧/૫ | નિ.૪ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ | -- |
| ૧૧/૬ | પ્રકાશભાઇએ સંસ્થાનાં સંચાલકો સામે કરેલ ફરિયાદની નકલ. | -- |

(૭) આ કામે સામાવાળાઓ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: સામાવાળાઓ તરફે મૌખિક પુરાવો :-**

| | |
|---|---|
| આંક- ૨૨ | સામાવાળા નં.૧ તરફે શ્રી મહેશભાઇ બાલુભાઇ શાહનું પુરાવા એફીડેવીટ |
| આંક-૨૯ | સામાવાળા નં.૨ તરફે શ્રી અજીતભાઇ ઠાકોરભાઇ પટેલનું પુરાવા એફીડેવીટ |

**-: સામાવાળા નં.૨ નો આંક-૧૩ થી દસ્તાવેજી પુરાવો :-**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| ૧૩/૧ | આઇ કાર્ડ રજીસ્ટર્ડની ઝેરોક્ષ નકલ. | -- |
| ૧૩/૨ | શ્રમ આયુકતશ્રી, વલસાડના હુકમની ઝેરોક્ષ નકલ. | ૦૪/૨/૯૮ |

**-: સામાવાળા નં.૧ નો આંક-૨૧ થી દસ્તાવેજી પુરાવો :-**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| ૨૧/૧ | સાંઈ ફર્નીચર ઇન્ડસ્ટ્રીઝના કોન્ટ્રાકટર શ્રી અજીતભાઈ પટેલ તેમનું સર્ટીફીકેટ ઓફ રજીસ્ટ્રેશન કોન્ટ્રાકટ લેબર કાયદાના રૂલ ૨૫-ફોર્મ નંબર-૬ મુજબ હમો સંસ્થાને આપેલ તેની નકલ. | ૨૯/૧૨/૯૪ |
| ૨૧/૨ | લેબર કોન્ટ્રાકટરના કામદારોનું માર્ચ-૯૭ના હાજરી પત્રકની નકલ (૧+૧) | -- |
| ૨૧/૩ | સાંઈ ફર્નીચરના કોન્ટ્રાકટર તરફે હમો સંસ્થાને તેમના લેબર કોન્ટ્રાકટનો અંત હમારી સંસ્થામાંથી કરવામાં આવેલ છે. તે મતલબના પત્રની નકલ. | -- |
| ૨૧/૪ | સાંઈ ફર્નિચરના કોન્ટ્રાકટર તરફે મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને તારીખ -૩૧/૩/૯૭ના રોજ લેખિતમાં જાણ કરી તેમનો કોન્ટ્રાકટ હમો સંસ્થામાંથી તારીખ : ૧/૪/૯૭ના રોજથી બંધ કરવામાં આવેલ છે તે પત્રની નકલ. | -- |
| ૨૧/૫ | તારીખ : ૧૯/૪/૯૬ ના રોજની સરકારી મજુર અધિકારી અને કોન્ટ્રાકટર મજુર અધિનિયમ નિરીક્ષક તરફે સાંઈ ફર્નિચરના કોન્ટ્રાકટર સામે કરવામાં આવેલ તપાસ નોંધની નકલ. | -- |
| ૨૧/૬ | સંસ્થા તરફે મદદનીશ મજુર કમિશ્નરશ્રીને તારીખ : ૩૧/૩/૯૭ નારોજ લેખિતમાં આપવામાં આવેલ પત્રની નકલ જેમા કોન્ટ્રાકટરનું લાયસન્સ ૧/૪/૯૭ થી સંસ્થામા બંધ કરવામાં આવેલ છે તે પત્રની નકલ. | -- |
| ૨૧/૭ | સંસ્થા તરફે મદદનીશ મજુર કમિશ્નરશ્રીને તારીખ : ૨૭/૧/૯૮ ના રોજ આપવામાં આવેલ અરજીની નકલ જેમા કુલ ત્રણ | -- |

| | | |
|---|---|---|
| | દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. તે અરજી. | |

**–: સામાવાળા નં.૧ નો આંક–૨૩ થી દસ્તાવેજી પુરાવો :–**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| ૨૩/૧ | સામાવાળા નં.૨ ના લાયસન્સની ઝેરોક્ષ. | –– |
| આંક–૨૪ | સાંઈ ફર્નિચરના કોન્ટ્રાકટર તરફે મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડનો તા.૩૧/૩/૯૭ના રોજ લેખિતમાં જાણ કરી તેમનો કોન્ટ્રાકટ હમો સંસ્થામાંથી તા.૧/૪/૯૭ના રોજથી બંધ કરવામાં આવેલ છે તે પત્રની નકલ. | –– |
| આંક–૨૫ | સાંઈ ફર્નિચરના કોન્ટ્રાકટર તરફે રીન્યુ કરવામાં આવેલ કોન્ટ્રાકટ લાયસન્સની નકલ. | –– |
| આંક–૨૬ | સંસ્થા તરફે મદદનીશ મજુર કમિશ્નરશ્રીને તારીખઃ ૩૧/૩/૯૭ના રોજ લેખિતમાં આપવામાં આવેલ પત્રની નકલ. જેમા કોન્ટ્રાકટરનું લાયસન્સ ૧/૪/૯૭ થી સંસ્થામા બંધ કરવામાં આવેલ છે તે પત્રની નકલ. | –– |
| આંક–૨૭ | પક્ષકાર નં.૧ કંપનીનું અસલ આઈ કાર્ડ રજીસ્ટર રજુ છે. જેમા સને.–૧૯૯૩ થી કંપનીનું નામ શ્રી લક્ષ્મી ફર્નિચર મેન્યુફેકચરીંગ કાં. પ્રા.લી. નામ બદલીને મેકસીમા સીસ્ટમ્સ લી. કરવામાં આવેલ છે. જેમા જુદા જુદા લેબર તથા ફેકટરી ઓફીસરોના સહી સિકકા કરવામાં આવેલ છે તે રજીસ્ટર. | –– |

**–: સામાવાળા નં.૨ નો આંક–૩૦ થી દસ્તાવેજી પુરાવો :–**

| આંક/નિ. | દસ્તાવેજો | તારીખ |
|---|---|---|
| આંક–૩૧ | ઓળખ કાર્ડનું અસલ રજીસ્ટર (૧૦ પેઈજ) | –– |
| આંક–૩૨ | સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટ લાયસન્સ | ૨૯/૧૨/૯૪ |
| આંક–૩૩ | પ્ર.પ.નં.૨ ના કોન્ટ્રાકટ તરફે શ્રમ આયુકતશ્રી વલસાડને આપેલી નકલ. | ૩૧/૩/૯૭ |
| આંક–૩૪ | પ્ર.પ.નં.૨ ના કોન્ટ્રાકટ તરફે શ્રમ આયુકતશ્રી વલસાડને આપવામાં આવેલ અરજીની નકલ. | માર્ચ–૯૭ |
| આંક–૩૫ | કોન્ટ્રાકટ સામે સરકારી મજુર અધિકારીશ્રીએ આપેલ તપાસ નોંધની નકલ. | ૧૪/૯/૯૬ |
| આંક–૩૬ | અનુ નં.૪ ના પત્રનો જવાબ સામા નં.૨ એ આપેલ તેની નકલ. | ૨૫/૪/૯૬ |

| | | |
|---|---|---|
| આંક–૩૭ | અનુ નં.૪ ના પત્રનો જવાબ સામા નં.૨ એ સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ તેની નકલ. | ૨૫/૪/૯૬ |
| આંક–૩૮ | અનુ નં.૪ ના પત્રનો જવાબ સામા નં.૨ એ સરકારી મજુર અધિકારીશ્રીને આપેલ તેની નકલ. | ૨૫/૪/૯૬ |

**<u>કેસ કાર્યવાહી:</u>**

(૮) આ કામે અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૨ થી સુનાવણીની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ બજી ગયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૦૪ તથા આંક–૧૫ થી અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૨ તરફે આંક–૫ તથા આંક–૧૪થી અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે આંક–૧૦ તથા આંક–૧૬થી અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૧૭ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૨૮ થી સામાવાળા નં.૧ તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૩૯ થી સામાવાળા નં.૨ તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૪૦ થી બેંક ઓફ ઈન્ડિયાને નોટીસ કાઢવાની અરજી રજુ થતા નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ જે બજી ગયેલ છે. ત્યારબાદ આંક–૪૩ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૪૪ની અરજીથી સામાવાળાના પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૪૬ થી અરજદાર તરફે મેક્ષીમસ સ્ટોરેજ સોલ્યુશન પ્રા.લી. ને સામાવાળા નં.૪ તરીકે જોડવાની રજી રજુ થયેલ છે જે નામદાર કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ અરજદાર તરફે રેફરન્સ નં.૩૪૬/૨૦૦૫માં આંક–૪૫ થી લેખિત દલીલો અને આંક–૪૬ થી ચુકાદાઓ રજુ કરેલ હોય તેને અન્ય તમામ રેફરન્સમાં ગણી લેવા રજુઆત કરી છે. તથા સામાવાળાઓ તરફે દલીલો અંગે કોઇ રજુઆત ન હોય અને સદર કેસ ઘણો જુનો હોય સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે. અરજદાર તરફે નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ છે. સદર કામે અરજદાર તરફે રેફરન્સ નં.૩૪૬/૨૦૦૫ માં તેમની દલીલના સમર્થનમાં આંક–૪૬ થી નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલ છે.

1. Hussainbhai, Calicut Vs. Alath Factory Thozhilali Union 1978 SCC (4) 257.
2. Food Corporation of India vs The Presiding Officer (1993) III LLJ 347 P H.
3. Secretary, H.S.E.B v/s Suresh & Ors Etc. C. A. No. 11335 to 11395 of 1995.
4. Indian Farmer Fertilizer Co Op Ltd. Vs Industrial Tribunal-1, Allahabad, 2002 (3) SCC 544.
5. Deepali Gundu Surwase and Kranti Jr. Adhyapak, 2013 (139) FLR 541.
6. Sunder Vs UOI, 2006 (1) LLJ 375.
7. The Director, Telecom Project-II vs Smt. Neelam Chadha 2015 LLR 936.
8. Jasmer Singh Vs. State of Haryana & Anr., 2015 AIR (SCW) 869.

9. Veterinary Officer and Anr. VS Rajendrasinh R. Jhala (1998) 1 GLR 110.
10. Nicholas Piramal India Ltd V/S Hari Singh

ઉપરોકત ચુકાદાઓ સંલગ્ન મુદ્દામાં તકરારો સાથે આવરી લેવામાં આવેલ છે.

**મુદ્દાઓ:**

(૯) હાલના રેફરન્સ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

| અ.નં. | મુદ્દાઓ | તારણો |
|---|---|---|
| ૧. | શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળા નં.૧ સંસ્થાના કામદાર હતા ? | નકારમાં |
| ૨. | શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે ? | નકારમાં |
| ૨. | શું અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? | નકારમાં |
| ૩. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

**:: કા ર ણો ::**

ઉપરોક્ત જવાબો અંગે મારા કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧:**

(૧૦) આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. આ તબકકે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ-૨(એસ) કે જેમાં કામદારની વ્યાખ્યા આપેલ છે. જે લક્ષમાં લેવી જરૂરી છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, સદરહું કલમમાં કામદારનું કોઈ વર્ગીકરણ જેવું કે,અંશ:કાલીન, રોજીંદા, કાયમી તે પ્રકારે કરવામાં આવેલું નથી.

(૧૦.૧) હાલના રેફરન્સ કેસના સંજોગો મુજબ અરજદાર કામદારે સામાવાળા સંસ્થા નં.૨ કોન્ટ્રાક્ટર તરીકે અને સામાવાળા સંસ્થા નં.૧ મુખ્ય નોકરીદાતા તરીકે જોડી દાદ માંગવામાં આવેલ છે. અરજદાર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના **Indian Farmer Fertilizer Co Op Ltd. Vs Industrial Tribunal**-1, **Allahabad,** 2002 (3) **SCC** 544 ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં *જયારે કોન્ટ્રાકટર મારફત કામદારો કોઈ સંસ્થામાં કામ કરતા હોય તો અદાલતે સૌપ્રથમ કામદારો મુખ્ય કંપનીના કામદાર છે કે કેમ તેનો નિર્ણય કરવાનુ અનિવાર્ય છે* તેવુ ઠરાવેલ છે. જેથી, હાલના રેફરન્સ કેસના સંજોગો મુજબ અરજદાર કામદારની તેઓની નોકરી દરમ્યાનની કામગીરી અન્વયે તેઓ ઉપર નિયંત્રણ કોણ રાખે છે ? તેઓને પગાર કોણ આપે છે ? નોકરી દરમ્યાનની કામગીરી અન્વયે કામ કોણ નક્કી કરે છે? તે તમામ મુદ્દાઓ પર સચોટ પુરાવો રેકર્ડ પર અરજદાર તરફે રજુ કરવો જરૂરી છે. તે સિવાય અરજદાર કામદારોની કામગીરી ઉપર નિયંત્રણ મુખ્ય નોકરીદાતા તરીકે સામાવાળા સંસ્થા નં.૧ નું હતુ કે કેમ ? તથા સામાવાળા સંસ્થા નં.૨

કોન્ટ્રાક્ટર વાસ્તવમાં અરજદારના માલિક હતા કે ફક્ત નામના કોન્ટ્રાક્ટર હતા તે હકીકત પણ પુરવાર કરવી જરૂરી છે. સદર હકીકતો પુરવાર કરવાનો બોજો અરજદાર કામદાર ઉપર રહેલ છે. જે બોજો ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને સદર કામે રેકોર્ડ ધ્યાને લેતા અરજદારનાઓએ પુરાવાથી પુરવાર કરેલ નથી. વધુમાં અરજદારનાઓએ સામાવાળા સંસ્થા નં.૧ માં પ્રત્યક્ષ રીતે કોઇ કામગીરી કરેલ હોય તે અંગે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સામાવાળા સંસ્થા નં.૨ દ્વારા નિ.૧૩/૧ થી રજુ ઓળખકાર્ડ રજીસ્ટર ધ્યાને લેતા અરજદારનાઓ અનુક્રમ નં.૩૭ માં સામાવાળા નં.૨ કોન્ટ્રાકટરના કામદાર હોવાનો પુરાવો રજુ કરેલ છે. તે સિવાય સદર કામે અરજદારનાઓની આંક-૧૨ લગત થયેલ ઉલટતપાસમાં *સામાવાળા સંસ્થા નં.૧ કંપનીમાંથી કોઇ નિમણુક પત્ર આપેલ ન હોવાનુ સ્વીકારેલ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે સામાવાળા નં.૧ સંસ્થા દ્વારા તેમને પગાર ચૂકવેલ હોય તે બતાવતો કોઇ પુરાવો તેમની પાસે નથી.* આમ, અરજદારની સોગંદ પર જુબાનીનુ ઉલટતપાસ દરમ્યાન સ્વીકારવામાં આવેલ હકિકતોથી મુલ્યાંકન કરતા અરજદાર સામાવાળા સંસ્થા નં.૧ ના સીધા કામદાર હતા તેવુ પ્રસ્થાપિત થતુ નથી.

(૧૦.૨) અરજદાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે અરજદાર કામદારને સામાવાળા સંસ્થા નં.૨ કોન્ટ્રાક્ટર મારફતે રાખવામાં આવેલ હતા. પરંતુ કોન્ટ્રાક્ટ ફક્ત એક કાગળ પર છે. વધુમાં સામાવાળા સંસ્થા નં.૧ મુખ્ય નોકરીદાતા તરીકે વાસ્તવમાં કામદારો પર સીધા નિયંત્રણ રાખતા હતા. જેથી, અરજદાર કામદારને સામાવાળા સંસ્થા નં. ૧ મુખ્ય નોકરીદાતા સાથે સીધા નોકરીદાર માની શકાય અને તે કારણે અરજદાર કામદારની પુનર્નિયુક્તિ અને પગારની માંગણી કાયદેસર હોવાની રજુઆત કરેલ છે. સદર દલીલના સમર્થનમાં અરજદાર દ્વારા નામદાર પંજાબ એન્ડ હરીયાણા હાઇકોર્ટના ડિવીઝન બેન્ચના **Food Corporation of India vs The Presiding Officer, Central Government Industrial Tribunal, (1993) III LLJ 347 P H** ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં ઠરાવેલ છે કે જે *કામદારો કોન્ટ્રાકટ મારફત મુખ્ય નોકરીદાતાના ત્યાં કામ કરતા હોય તો જો તેઓ દ્વારા (૧) જે તે કામગીરીના સમયગાળા અંગે સર્ટીફીકેટ મેળવેલ ન હોય, અને, (૨) લાયસન્સ ન ધરાવતા કોન્ટ્રાકટર મારફત કામદારો રાખેલા હોય, તે બે પરિબળોના આધારે કામદારોને મુખ્ય નોકરીદાતાના કામદારો માની શકાય*. હાલના કેસની હકિકતો મુજબ સંસ્થા નં.૧ નાઓએ સંસ્થા નં.૨નાઓને કોન્ટ્રાકટ આપેલ હોવાનો બચાવ લીધેલ છે. તેના સમર્થનમાં આંક-૩૨ થી કોન્ટ્રાકટરને લાઇસન્સની નકલ અને આંક-૩૩ થી સામાવાળા સંસ્થા નં.૧ નાઓએ સામાવાળા સંસ્થા નં.૨ નાઓને આપેલ કોન્ટ્રાકટ બંધ કરવા બાબતે શ્રમ આયુકતશ્રી વલસાડને આપેલ અરજીની નકલ રજુ કરેલ છે. તેવા સંજોગોમાં સામાવાળા સંસ્થા નં.૧ અને સામાવાળા સંસ્થા નં.૨ વચ્ચે કરવામાં આવેલ કોન્ટ્રાકટ માત્ર નામનો જ હોવાનો અને કે sham-bogus-eye wash contract હોવાનુ પુરવાર કરવાનો બોજો અરજદાર કામદાર ઉપર રહેલ છે. જે અન્વયે અરજદાર દ્વારા આવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. જેથી સદર ચુકાદો હાલના કેસ ઉપર લાગુ પાડી શકાય તેમ નથી. અને મુખ્ય નોકરીદાતાના કામદાર હોવાની દલીલ માનવા લાયક નથી.

(૧૦.૩) વધુમાં અરજદાર તરફે અરજદાર તરફે એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર અને સામાવાળા નં.૧ વચ્ચે થયેલ કરાર The Contract Labour (Regulation and Abolition) Act, 1970 ની જોગવાઇઓ વિરુધ્ધનો છે. જેથી, અરજદારને સામાવાળા નં.૧ કંપનીના સીધા કામદાર માની શકાય. સદર દલીલના સમર્થનમાં તેઓ તરફે નામદાર સુપ્રીમ કોર્ટનો ડિવીઝન બેન્ચના **Secretary, H.S.E.B v/s Suresh & Ors Etc. bearing C. A. No. 11335 to 11395 of 1995** ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં કોન્ટ્રાકટર કશમીરસિંહ લાયસન્સ ધરાવતા કોન્ટ્રાકટર ન હતા અને તેના આધારે કામદારોને તેઓના હકક આપવામાં આવેલ હતા. પરંતુ સદર ચુકાદાની હકિકતો ધ્યાને લેતા તેમજ હાલના રેફરન્સ કેસના સંજોગો મુજબ સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર લાયસન્સ ધરાવતા કોન્ટ્રાકટર ન હતા તેવી કોઇ તકરાર સમગ્ર રેફરન્સ કાર્યવાહી દરમ્યાન લેવામાં આવેલ નથી. વધુમાં સદર કાયદાની તકરાર દલીલના તબકકે પ્રથમ વાર લેવામાં આવેલ છે. વધુમાં સામાવાળાઓ તરફે તેઓ વચ્ચે થયેલ કરાર અને તે અન્વયે તેઓ દ્વારા શ્રમ આયુકતને કરવામાં આવેલ પત્ર વ્યવહાર ના પુરાવા રજૂ કરેલ છે. અરજદાર તરફે સદર સામાવાળાઓ દ્વારા કરવામાં આવેલ કરાર કાયદાકીય જોગવાઈઓ વિરુધ્ધનો છે તે પુરવાર કરેલ નથી. વધુમાં સદર કરાર કે શ્રમ આયુકતને કરવામાં આવેલ પત્ર વ્યવહાર ના પુરાવાનું ખંડન કરેલ નથી. જેથી, સદર દલીલ ટકવાપાત્ર નથી તેમજ ઉપરોકત ચુકાદો હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી.

(૧૦.૪) અરજદાર તરફે વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર તરફે એવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે જેથી માની શકાય કે સામાવાળા નં.૧ તેઓને દર મહિને ચુકવણુ કરતા હતા અને ત્યારબાદ કોન્ટ્રાકટર મારફત અરજદાર સહિત અન્ય કામદારોને ચુકવણુ કરવામાં આવતુ હતુ. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે અરજદાર અને અન્ય કામદારોનુ સુપરવિઝન, નિયંત્રણ, કાચા માલનો સપ્લાય, કામગીરીનું સ્થળ સામાવાળા નં.૧ કંપનીના તાબા હેઠળ હતુ અને તૈયાર થયેલ ઉત્પાદન પણ સામાવાળા નં.૧ કંપની દ્વારા વેચાણ કરવામાં આવતુ હતુ. જેથી, સદર હકિકતોના આધારે અરજદારને સામાવાળા નં.૧ કંપનીના સીધા કામદાર માની શકાય. સદર દલીલના સમર્થનમાં તેઓ તરફે નામદાર સુપ્રીમ કોર્ટનો લાર્જર બેન્ચના **Hussainbhai, Calicut Vs. Alath Factory Thozhilali Union, Kozhikode and Ors., 1978 SCC (4) 257** ચુકાદા પર આધાર રાખેલ છે. પરંતુ સદર ચુકાદાની હકિકતો ધ્યાને લેતા *કામદારો દ્વારા કરવામાં આવતી કામગીરી મુખ્ય કંપનીના સ્થળ, મેનેજમેન્ટ અને સાધનો દ્વારા કરવામાં આવતી હતી. તેમજ તૈયાર થયેલ ઉત્પાદન પણ મુખ્ય કંપનીના વ્યાપાર અર્થે કામદારો દ્વારા તૈયાર કરવામાં આવતુ હતુ. વધુમાં તમામ કામદારોનુ નિયંત્રણ પણ મુખ્ય કંપની દ્વારા કરવામાં આવતુ હતુ. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ન્યાયના પ્રસ્થાપિત સિધ્ધાંત LIFTING VAIL લાગુ કરીને કામદારોને કોન્ટ્રાકટરના નહિ પરંતુ મુખ્ય કંપનીના કામદારો ઠરાવેલ હતા*. સદર ચુકાદો હાલના કેસના સંજોગોમાં લાગુ પાડી શકાય તેમ નથી. કારણ કે અરજદાર દ્વારા તેઓની નોકરી દરમ્યાનની

કામગીરી અન્વયે તેઓ ઉપર નિયંત્રણ કોણ રાખતુ હતુ તેની કોઇ હકિકત જણાવેલ નથી. વધુમાં માંગણા નિવેદન કે સોગંદ ઉપર જુબાનીમાં સામાવાળા નં.૧ કંપનીની માલિકીના સ્થળે, તેઓના સાધનો દ્વારા કે તેઓના ઉત્પાદન તૈયાર કરવા કોઇ કામગીરી કરેલ હોય અને અરજદાર કામદાર ઉપર સીધુ નિયંત્રણ સામાવાળા નં.૧ કંપનીનુ હતુ તેવી કોઇ હકિકત જણાવેલ નથી. જેથી, સદર ચુકાદો વિભિન્ન સંજોગો ઉપર આધારિત હોય અરજદારને મદદરૂપ થતો નથી. તે કારણસર સદર દલીલ ટકવા પાત્ર નથી.

(૧૦.૫) વધુમાં અરજદાર દ્વારા સામાવાળા સંસ્થા નં.૧ ના કામદાર તરીકે જોડાયેલ હોય કે તેઓના પગારની ચુકવણી સામાવાળા સંસ્થા નં.૧ દ્વારા કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત તેઓના સોગંદ ઉપરની જુબાનીમાં જણાવવામાં આવેલ નથી. તે સિવાય અરજદારના માંગણા નિવેદન અને પુરાવાના સોગંદનામામાં જણાવેલ હકીકતોનું મુલ્યાંકન કરતા તેઓ સામાવાળા સંસ્થા નં.૨ કોન્ટ્રાકટર મારફતે કામદાર તરીકે સામાવાળા નં.૧ સંસ્થામાં કામ કરતા હોવાનુ જણાય આવે છે. જેથી, અરજદાર અને સામાવાળા સંસ્થા નં.૧ વચ્ચે નોકર–માલિકના સંબંધો પુરવાર કરવામાં અરજદાર નિષ્ફળ નિવડેલ છે. જે કારણોસર અરજદાર સામાવાળા સંસ્થા નં.૧ ના અને કલમ–૨(એસ) ની વ્યાખ્યા મુજબ કામદાર હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોકત ચર્ચાના આધારે સામાવાળા સંસ્થા નં.૧ને અરજદાર કામદારના મુખ્ય નોકરીદાતા તરીકે અને અરજદારને તેઓના સીધા નોકરીદાર તરીકે માની શકાય નહી. જેથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨:</u>**

(૧૧) હવે એ વિચારવાનું રહે કે, અરજદારે સામાવાળાને ત્યાં કલમ–૨૫(બી) મુજબ છેલ્લાં ૧૨ માસના સમયગાળામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ સમયની કામગીરી કરેલી છે કે કેમ? ઉપરાંત આ કામે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ)નો ભંગ થયેલાનું સાબીત થાય છે કે કેમ ? અરજદાર વાસ્તવીક રીતે અને સળંગ નોકરી માલીક સંસ્થામાં કરેલી છે તેવું પુરવાર કરવાનો બોજો નિશ્ચિતરૂપે કામદાર ઉપર રહે છે.

(૧૧.૧) અરજદાર દ્વારા સ્પષ્ટ રીતે તેઓ સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર દ્વારા સામાવાળા નં.૧ ને ત્યાં કામગીરી કરતા હોવાની હકીકતો જણાવેલ છે. પરંતુ અરજદારે તેઓની સદર સળંગ નોકરી દરમ્યાનની કામગીરી અન્વયે તેઓ ઉપર નિયંત્રણ કોણ રાખતુ હતુ તેની કોઇ હકિકત જણાવેલ નથી. વધુમાં માંગણા નિવેદન કે સોગંદ ઉપર જુબાનીમાં સામાવાળા નં.૧ કંપનીની માલિકીના સ્થળે, તેઓના સાધનો દ્વારા કે તેઓના ઉત્પાદન તૈયાર કરવા છેલ્લાં ૧૨ માસના સમયગાળામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ સમયની કામગીરી કામગીરી કરેલ હોય અને અરજદાર કામદાર ઉપર સીધુ નિયંત્રણ સામાવાળા નં.૧ કંપનીનુ હતુ તેવી પણ કોઇ હકિકત જણાવેલ નથી. તે સિવાય અરજદારને પગારની ચુકવણી સામાવાળા નં.૧ કંપની દ્વારા કરવામાં આવતી હોય તેવુ કથન અરજદારે કરેલ નથી. રેકોર્ડ ઉપર સામાવાળા નં.૨ તરફે રજુ ઓળખકાર્ડ રજીસ્ટરના આધારે પણ અરજદાર સામાવાળા નં.૨ ના કામદાર હોવાનુ

પ્રસ્થાપિત થાય છે. જેથી, જે અન્વયે રેકોર્ડ પર રજુ સમગ્ર પુરાવાનું વિહંગાવલોકન કરતા અરજદારે સામાવાળી સંસ્થા નં.૧ માં કલમ-૨૫(બી)માં દર્શાવ્યા મુજબના છેલ્લાં ૧૨ માસના સમયગાળામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ સમયની કામગીરી કરેલી હોવાનું પુરવાર થતું નથી.

(૧૧.૨) કલમ-૨૫(એફ)ની જોગવાઈઓ લાગુ કરતા પહેલાની પુર્વશરત એવી કલમ-૨૫(બી) પુરવાર થવી આવશ્યક છે. અરજદારે સામાવાળી સંસ્થા નં.૧ માં કલમ-૨૫(બી)માં દર્શાવ્યા મુજબના છેલ્લાં ૧૨ માસના સમયગાળામાં ૨૪૦ દિવસ કે તેથી વધુ સમયની કામગીરી કરેલી હોવાનું પુરવાર થતું ન હોઈ ત્યારે કલમ-૨૫(એફ) ની જોગવાઈઓ લાગુ પાડી શકાતી નથી. સદર તકરારના સમર્થનમાં અરજદાર તરફે નામદાર સુપ્રીમ કોર્ટનો ડિવીઝન બેન્ચના **Deepali Gundu Surwase and Kranti Jr. Adhyapak,** 2013 (139) **FLR 54** ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગેરકાયદેસર છટણી અને ખાતાકિય તપાસ બાદ કામદારને પુનઃસ્થાપિત કરવા અંગે અને પડેલા પગારનો હુકમ કરતા સમયે ધ્યાને લેવાના ન્યાયિક સિધ્ધાંતો ચુકાદાના પેરા-૩૩માં જણાવેલ છે. વધુમાં અરજદાર તરફે નામદાર સુપ્રીમ કોર્ટનો ડિવીઝન બેન્ચના ચુકાદા **Jasmer Singh Vs. State of Haryana** & **Anr.,** 2015 **AIR (SCW)** 869 ઉપર આધાર રાખેલ છે. જેમાં કામદારે સળંગ ૨૪૦ દિવસથી વધુ નોકરી કરેલાનું અને કામદારની છટણી કલમ-૨૫(જી) અને/અથવા કલમ-૨૫(એચ) ના ભંગ મુજબની થયેલાનું પુરવાર થયેલ હોવાની હકિકતને આધિન નિર્ણય કરવામાં આવેલ છે. પરંતુ હાલના કેસના સંજોગો મુજબ અરજદાર સામાવાળા સંસ્થા નં.૧ ના કલમ-૨ (એસ) મુજબના કામદાર હોવાનુ અને અરજદારે કલમ-૨૫(બી) મુજબ સળંગ ૨૪૦ દિવસથી વધુ સળંગ નોકરી કરેલાનું પુરવાર થતું ન હોય સદર બંને ચુકાદા હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી

(૧૧.૩) વધુમાં અરજદાર તરફે નામદાર અલાહાબાદ હાઈકોર્ટના ડિવિઝન બેન્ચના ચુકાદા **Sunder Vs UOI,** 2006 (1) **LLJ** 375, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **Veterinary Officer and Anr. VS Rajendrasinh R. Jhala** (1998) 1 **GLR** 110 તથા **નામદાર** સુપ્રીમ કોર્ટનો ડિવીઝન બેન્ચના ચુકાદા **Nicholas Piramal India Ltd V/S Hari Singh** 2015 **Law Suit(SC)** 415 ઉપર આધાર રાખેલ છે. પરંતુ સદર તમામ ચુકાદાઓમાં કામદારની છટણી ગેરકાયદેસર હોવાની અને કામદાર અન્ય સ્થળે ગેઈનકુલી એમ્પ્લોઈડ હોવાની તકરારની હકિકત હોય, વિભિન્ન સંજોગોના કારણોસર સદર ચુકાદા હાલના કેસમાં અરજદારને મદદરૂપ ન હોવાથી લાગુ પાડી શકાય નહી. તે સિવાય અરજદાર તરફે નામદાર હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ડિવિઝન બેન્ચના ચુકાદા **The Director, Telecom Project-II vs Smt. Neelam Chadha and another** 2015 **LLR** 936 ઉપર આધાર રાખેલ છે. પરંતુ સદર ચુકાદો કામદારની છટણી કોઈપણ કારણ સિવાય અને કુદરતી ન્યાયના

સિધ્ધાંતો વિરૂધ્ધની ગેરકાયદેસર હોવાની હકિકતને આધારિત હોય, વિભિન્ન સંજોગોના કારણોસર પણ હાલનો ચુકાદો સદર રેફરન્સ કેસને લાગુ પડતો નથી

(૧૧.૪) આમ, ઉપરોકત ચર્ચાના આધારે જયારે અરજદાર સામાવાળા સંસ્થા નં.૧ ના કલમ-૨ (એસ) મુજબના કામદાર હોવાનુ અને કલમ-૨૫(બી) મુજબ સામાવાળા સંસ્થામાં સળંગ ૨૪૦ દિવસથી વધુ કામ કરેલ હોવાનુ પુરવાર કરેલ ન હોય, તેવા સંજોગોમાં સામાવાળા નં.૧નાઓએ કલમ-૨૫(એફ)નો ભંગ કરી અરજદારને ગેરકાયદેસર રીતે નોકરી પરથી કાઢી મુકેલ હોવાનુ ઠરાવી શકાય નહિ. જેથી, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩ તથા ૪</u>**

(૧૨) રેફરન્સની કાર્યવાહી દરમ્યાન સામાવાળા સંસ્થા નં.૧નાઓ લગત નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદનાઓએ **IA/1005(AHM)2023 in CP (IB) 407 of 2020** ના કામે પસાર કરવામાં આવેલ તારીખ ૧૯/૦૪/૨૦૨૪ નો હુકમ આંક-૫૩ ની અરજી સાથે રજુ કરવામાં આવેલ છે. જે અન્વયે ઇન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, ૨૦૧૬ની કલમ-૧૪(૧)(એ) અને કલમ-૬૩ની જોગવાઇ ધ્યાને લેવી આવશ્યક છે. જે નીચે મુજબ છે.

***Section 14: Moratorium***

*(1) Subject to provisions of sub-sections (2) and (3), on the insolvency commencement date, the Adjudicating Authority shall by order declare moratorium for prohibiting all of the following, namely:—*

(a) the institution of suits or ***<u>continuation of pending suits or proceedings against the corporate debtor including execution of any judgment, decree or order in any court of law, tribunal, arbitration panel or other authority</u>***;

***Section 63: Civil court not to have jurisdiction.***

***<u>No</u>*** *civil court or* ***<u>authority shall have jurisdiction to entertain any suit or proceedings in respect of any matter</u>*** *on which National Company Law Tribunal or the National Company Law Appellate Tribunal has jurisdiction under this Code. Civil court not to have jurisdiction.*

(૧૨.૧) ઉપરોકત કલમ-૧૪ની જોગવાઇ અને કલમ-૬૩ માં આપવામાં આવેલ હકુમતનો બાધ તે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ જો કોઇ હુકમત ધરાવતા હોય તો તે હાલના રેફરન્સ સહિતની તમામ પ્રકારની કાર્યવાહીને પ્રતિબંધિત કરે છે. પરંતુ હાલનો રેફરન્સ સને-૨૦૦૫નો છે, તેમજ સામાવાળા સંસ્થા નં.૧ અન્વયે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ સને-૨૦૨૪માં હુકમ પસાર કરવામાં આવેલ છે. વધુમાં ઇન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, ૨૦૧૬ પુર્વવર્તી અસરથી હાલના કેસ ઉપર લાગુ પાડી શકાય તેમ ન હોય હાલના રેફરન્સની કાર્યવાહી સ્થગિત કર્યા સિવાય સ્વતંત્ર રીતે ગુણદોષના આધારે નિર્ણય કરવાનો રહે છે. જો સદર કામે અરજદાર સામાવાળા સંસ્થા નં.૧ના કામદાર ઠર્યા હોત તો પણ સદર સંસ્થા કલમ-૧૪ની જોગવાઇને આધિન હોવાથી તેઓને પુનઃસ્થાપિત કરી શકાત નહી.

(૧૨.૨) વધુમાં સદર કામે સામાવાળા નં.૩ બેંકનાઓને તેઓનું કાયદેસરનુ લેણુ વસુલ કરવા સામાવાળા સંસ્થા નં.૧ મેક્ષીમા સીસ્ટમ્સ લિ.ની મિલકત હરાજીથી વેચેલ હોવાના કારણસર પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. પરંતુ સદર કામે સામાવાળા નં.૩ નાઓએ પોતાની બેન્કીંગની કાર્યવાહી દરમ્યાન સદર મિલકતોનુ વેચાણ કરેલ હોય તથા તેઓ સામે સ્ટેટમેન્ટ ઓફ કલેઇમમાં કોઇ કાયદેસરની દાદ માંગવામાં આવેલ ન હોય તેઓ વિરૂધ્ધ કોઇ ન્યાયિક હુકમ કરવો વ્યાજબી કે ઉચિત જણાતુ નથી

(૧૨.૩) આમ, ઉપરોકત ચર્ચા અને અગાઉના મુદ્દાઓના તારણને આધારે અરજદાર સામાવાળા નં.૧ સંસ્થાના કલમ-૨(એસ) મુજબ કામદાર હોવાની, કલમ-૨૫(બી) મુજબ અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં સળંગ નોકરી કરેલ હોવાની તેમજ અરજદાર ગેરકાયદેસર રીતે છટણી કરેલ હોવાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી, અરજદાર માંગ્યા મુજબની કોઇપણ દાદ મેળવવા હકકદાર ઠરતા નથી. આમ, ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

૧. અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી ના-મંજુર યાને રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સ્થળ- વલસાડ
તા.૨૯/૦૭/૨૦૨૫

**(સી.વી.લીમ્બાચીયા)**
Code:GJ01556
પ્રિસાઇડીંગ ઓફીસર
શ્રમ ન્યાયાલય, વલસાડ.